# રાજ્યમાં કોરોનાના નવા ૧૪૨૦ કેસ

## રાજ્યમાં કોરોનાથી ૭નાં મૃત્યુ : રાજ્યમાં ૧૦૪૦ દર્દીઓ સ્વસ્થ થયા : સ્વસ્થ દર્દીઓનો આંકડો ૧,૭૭,૫૧૫એ પહોંચ્યો

ગાંધીનગર,તા.૨૦

કોરોના સંક્રમણ મામલે અમેરિકા પછી ભારત બીજા નંબરે પહોંચ્યું છે. ભારતમાં ૨૪ કલાકમાં ૪૬૦૦૦ જેટલા નવા કેસ સામે આવ્યા છે. જેથી દેશમાં અત્યાર સુધીમાં ૯૦ લાખ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે. જેમાંથી ૮૪ લાખ સ્વસ્થ થઈ ચૂક્યા છે.

૨૪ કલાકમાં સૌથી વધુ કોરોનાનો પ્રકોપ દિલ્હીમાં જોવા મળ્યો છે જ્યાં ૭૫૪૬ કેસ નોંધાયા છે તો ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં કોરોનાના ૧૪૨૦ નવા કેસ અને ૭ મોત નીપજ્યાં છે. જેથી કુલ આંકડો ૧૯૪૪૦૨ થયો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૬૭૯૦૧ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૭૧,૦૧,૦૫૭ થયો છે.

રાજ્યમાં ૧૪૨૦ નવા દર્દીઓ સામે ૧૦૪૦ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૭૭,૫૧૫ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૦૪૪.૬૩ ટેસ્ટ થાય છે.

રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૯૩,૭૩૮ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૪,૯૩,૪૬૩ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૯૫ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૩૦૫૦ એક્ટિવ કેસ છે. જેમાંથી ૯૨ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૨૯૫૮ની સ્થિતિ સ્ટેબલ છે.

રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. રાજ્યમાં આજે રાજકોટ કોર્પોરેશનમાં ૧, અમદાવાદ કોર્પોરેશનમાં ૩, સુરત કોર્પોરેશનમાં ૨ અને પાટણમાં ૧ એમ કુલ ૭ મોત નીપજ્યા હતાં. જેથી હવે રાજ્યમાં પણ કોરોના મહામારીથી કુલ મૃત્યુઆંક ૩૮૩૭ થયો છે.

# શહેરમાં કોરોનાના કેસો ૨૩૦૦ની નજીક

## શહેરમાં આજે સે. ૧૩માંથી ૪, સે. ૭, ૪ અને ૨૭માંથી ૩-૩ કેસ તેમજ સે. ૩, ૨૬, ૫, ૧૯માંથી ૨-૨ કેસ મળી આવ્યા, ઉપરાંત સે. ૧૪, ઈન્ફોસીટી, સે. ૨૮, સે. ૨૫, સે. ૩૦ અને સે. ૨૨માંથી પણ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૮ કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના દર્દીઓની સંખ્યા ૨૩૦૦ની નજીક પહોંચી છે. શહેરમાં આજ સુધીમાં ૨૨૯૮ દર્દીઓ નોંધાયા છે.

શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે પણ શહેરમાં નોંધાયેલા કેસોમાં ૧૨ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. મોટી વયના લોકો પણ સંક્રમિત થઈ રહ્યા છે. જેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. જોકે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓમાંથી મોટાભાગે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં આઈસોલેશન હેઠળ હાલ ૧૬૫ થી વધુ દર્દીઓ છે જેથી તંત્રની કામગીરીનું ભારણ વધી જવા પામેલ છે. શહેરમાં હાલ ૩૦૦ જેટલા એક્ટીવ કેસ છે.

શહેરમાં આજે સે. ૧૩ માંથી ૪, સે. ૭, ૪ અને ૨૭ માંથી ૩-૩ કેસ તેમજ સે. ૩, ૨૬, ૫, ૧૯ માંથી ૨-૨ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સે. ૧૪, ઈન્ફોસીટી, સે. ૨૮, સે. ૨૫, સે. ૩૦ અને સે. ૨૨માંથી પણ કેસ મળી આવેલ છે. ગાંધીનગર શહેરના સે. ૭ માંથી આજે વધુ ૩ કેસ મળી આવેલ છે. સે. ૭ માં રહેતા અને ગણપત યુનિ.માં પ્રોફેસર તરીકે ફરજો બજાવતા ૩૫ વર્ષીય અધ્યાપકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૭ માં રહેતા અને અરણ્યભવનમાં આંકડા મદદનીશ તરીકે ફરજો બજાવતા ૩૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમજ ૮૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૪માં રહેતી અને વિકસતી જાતિ નિગમમાં હેડ ક્લાર્ક તરીકે ફરજો બજાવતી ૨૫ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૪ માંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. ૫૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૩૭ વર્ષીય ખાનગી નોકરી કરતા યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં ૬૪ વર્ષીય નિવૃત્ત મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. જ્યારે પ્રોજેક્ટ આસિસટન્ટ તરીકે ફરજો બજાવતા ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ઈન્ફોસીટી વિસ્તારમાંથી ૬૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. સે. ૨૮ માંથી ૫૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરેલ છે. સે. ૨૬ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૩૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૬ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૫ માંથી પણ આજે બે કેસ મળ્યા છે. કલોલ ખાતે ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૪૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત શિક્ષણ બોર્ડમાં ફરજ બજાવતી ૫૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૧૩ માંથી આજે વધુ ૪ કેસ મળી આવ્યા છે. સ્ટેટ ટેક્ષ વિભાગમાં અધિકારી તરીકે ફરજો બજાવતા ૫૬ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નવા સચિવાલયમાં અધિકારી તરીકે ફરજો બજાવતી ૫૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આ ઉપરાંત ૭૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સોલા સિવિલમાં દાખલ કરાયા છે.

સે. ૨૭ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ટ્રેડીંગ બિઝનેશ સાથે સંકળાયેલ ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમજ ૬૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૬૫ વર્ષીય નિવૃત્ત મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને આશકા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલ છે. સે. ૧૯ માંથી આજે બે કેસ મળી આવેલ છે. ૬૨ વર્ષીય નિવૃત્ત મહિલા કર્મયોગીની તેમજ ૫૨ વર્ષીય મહિલા પત્રકારનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૫માંથી ૬૪ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩૦માંથી ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૨માંથી ૬૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

## કોરોના ઈફેક્ટ

- ભાજપની ચિંતન શિબિર રદ્દ્ કરાઈ.
- જીપીએસસીની ૨૯મી સુધીની તમામ પરીક્ષાઓ મુલત્વી રખાઈ.
- જીટીયુની પીએચ.ડી.ની એન્ટ્રસ ટેસ્ટ મોકુફ રખાઈ.
- અમદાવાદના કર્ફ્યુ દરમિયાન વિમાનની ટિકિટ કે રેલ ટિકિટ બતાવવાથી રેલવે સ્ટેશન કે એરપોર્ટ જવા - આવવા પર મંજુરી મળશે.
- સી.એ.ની પરીક્ષા માટે હોલ ટિકિટ બતાવવાથી કર્ફ્યુમાં મંજુરી મળશે.
- અમદાવાદમાં કર્ફ્યુ દરમિયાન આવશ્યક સેવાઓના વાહનોની અવર-જવરની મંજુરી અપાશે.
- અમદાવાદ - વડોદરા એક્સપ્રેસ હાઈવે બંધ કરાયાની અફવા મોડી સાંજે ફેલાઈ હતી.
- અમદાવાદ - વડોદરા વચ્ચેની ૨૫૦ બસ સેવા ત્રણ દિવસ માટે રદ્દ્ કરાઈ.
- કર્ફ્યુ વિસ્તારમાં પેટ્રોલ-ડીઝલ-સી.એન.જી. પંપ ચાલુ રખાશે.
- અમદાવાદમાં ૫૭ કલાકના કર્ફ્યુને કારણે ૧૬૦૦થી વધુ લગ્નો અટવાયા.
- ગાંધીનગર - અમદાવાદ વચ્ચે દોડતી બસના પૈંડા રવિવાર સુધી થંભી જશે.
- 'અક્ષરધામ' ગાંધીનગર ૨૩મી સુધી બંધ રાખવા નિર્ણય કરાયો.
- મહુડી તિર્થ ૨૩મી સુધી બંધ રહેશે.
- અમદાવાદને જોડતી ૩૫૦ બસ સેવા બે દિવસ માટે બંધ કરાઈ.
- રાત્રે ૮.૦૦ વાગ્યા બાદ અમદાવાદથી ઉપડતી અને આવતી બસસેવા બંધ રાખવા નિર્ણય કરાયો.
- આગામી ૫૭ કલાક દરમ્યાન બહારથી આવતા મુસાફરો માટે રેલવે સ્ટેશન અને એરપોર્ટ માટે ખાસ બસો મુકાશે.
- અમદાવાદની એએમટીએસ બસ સોમવાર સવાર સુધી બંધ રહેશે.
- અમદાવાદ ત્રણ દરવાજા પાસેના પાથરણા તાત્કાલિક અસરથી બંધ કરાયા.
- અમદાવાદના જોધપુર વિસ્તારનું ડી-માર્ટ અને પ્રહલાદનગર વિસ્તારની ૩ મોટી હોટલો તાત્કાલિક અસરથી સીલ કરાઈ.
- રાજકોટમાં ૬ હોટલો તાત્કાલિક અસરથી સીલ કરાઈ.
- ગુજરાત સ્ટેટ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસિએશન દ્વારા ૧૫ દિવસની અમદાવાદમાં લોકડાઉનની માંગણી કરી.
- માણેકચોક ચોકસીબજાર શનિ-રવિ બંધ રહેશે ત્યારબાદ સવારે ૧૦ થી ૬ જ દુકાનો ચાલુ રહેશે.
- અમદાવાદમાં માસ્ક વિના ઘરની બહાર નીકળનારનો સ્થળ પર જ ટેસ્ટ કરાશે અને જો કોરોના પોઝીટીવ હશે તો નજીકની હોસ્પિટલમાં દાખલ કરાશે અને નેગેટીવ હશે તો રૂ. ૧૦૦૦ દંડ કરવામાં આવશે.

## તાલુકામાં કોરોના...

● ત્રીજા પાનાનું ચાલુ

માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ઈટાદરા ગામેથી ૪૬ વર્ષીય વેપારી અને રિદ્રોલ ગામેથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવેલ છે. રકનપુર ગામેથી ૪૮ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. આ ઉપરાંત અર્બન-૨ વિસ્તારમાંથી ૭૯ વર્ષીય પુરૂષ અને ૪૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ૬૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૬૬૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૩૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૩,૪૨૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

# શિયાળાની જમાવટ, નલિયા ૧૦ ડિગ્રીની સાથે સૌથી ઠંડું

## ઉત્તર-પૂર્વીય પવનને કારણે આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરાઈ

અમદાવાદ, તા. ૨૦

જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશ સહિત ઉત્તર ભારતમાં પડી રહેલી અત્યંત કાતિલ સૂકા ઠંડા પવનની અસરને કારણે સમગ્ર ગુજરાતમાં હાડ થીજવી દેતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. શુક્રવારે રાજ્યના વિવિધ શહેરોનું તાપમાન પણ ગગડ્યું છે. હવામાન વિભાગના આજે સવારે ૭ વાગ્યાના આંકડા પર નજર કરીએ તો ૧૦ ડિગ્રી સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું છે. ઉત્તર-પૂર્વીય પવનને કારણે આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, ઉત્તર-પૂર્વીય પવનને કારણે ઠંડા પવન ફૂંકાતા હાલ ઠંડીનું મોજું યથાવત રહેશે. આ સાથે ડિસેમ્બર મહિનામાં પણ કડકડતી ઠંડી પડવાની આગાહી છે. છેલ્લા કેટલાય દિવસોથી ઉત્તર ભાગમાં હિમવર્ષાના કારણે ગુજરાતમાં પણ ઠંડીનો રાઉન્ડ શરૂ થઈ ગયો છે.

છેલ્લા બે દિવસથી રાજ્યના વિવિધ શહેરોમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. ગુજરાતમાં હવામાન નિષ્ણાતની આગાહી મુજબ ૪ ડિસેમ્બરના રોજ તાપમાન ઘટીને ૧૨ ડિગ્રી આસપાસ પહોંચશે જ્યારે ૮ અને ૧૯ ડિસેમ્બરના પણ વધુ ઠંડી અનુભવાશે. આ ઉપરાંત ૨૨ ડિસેમ્બરથી હાડ થીજવતી ઠંડી પડશે તો જાન્યુઆરી મહિનામાં રેકોર્ડ બ્રેક ઠંડી પડવાની શક્યતા છે. નલિયા અને બનાસકાંઠાના કેટલાય ભાગોમાં પારો ૫ ડિગ્રી જ્યારે આબુમાં શૂન્ય ડિગ્રીથી નીચે જવાની શક્યતા છે.







